**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ**
નેપચ્યુન ટાવર, ૧ લો માળ, નહેરૂ પુલ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૯
ની સમક્ષ

**<u>અરજદાર:–</u>** **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ – વડોદરા.**

નીચેના સંદર્ભમાં

ઉપરોક્ત અરજદાર **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા** દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ માટે એન્યુઅલ પર્ફોમન્સ રીવ્યુ તથા **નાણાકીય** વર્ષ ૨૦૧૦-૧૧ માટે વીજદર રીવ્યુ કરવા બાબતેની અરજી કેસ નંબર – ૯૮૯/૨૦૧૦ દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૨ તથા મલ્ટી ઈયર ટેરીફ ફ્રેમવર્ક રેગ્યુલેશનની જોગવાઈ હેઠળ કરાયેલ છે.

સૂચના

ઉપરોક્ત અરજદાર **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા** એ નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના માટે એન્યુઅલ પર્ફોમન્સ રીવ્યુ તથા નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે વીજદર રીવ્યુ કરવા બાબતેની અરજી કેસ નંબર – ૯૮૯/૨૦૧૦ દ્વારા વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૨ તથા ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) નિયમન ૨૦૦૪ તેમજ "ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ ઓફ ટેરીફ નિયમન – ૨૦૦૫" ની જોગવાઈ હેઠળ કરેલી અરજી નામદાર આયોગની વિચારણા હેઠળ છે.

ઉપરોક્ત બાબતે "ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ ઓફ ટેરીફ નિયમન – ૨૦૦૫" ની જોગવાઈની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયમન આયોગની કચેરીમાં ઉપર મુજબનાં સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગને તારીખ **<u>૦૮.૦૨.૨૦૧૦</u>** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદ્દા પ્રમાણે સોગંદનામું કરીને પુરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે.

રસ ધરાવનાર વ્યકિતઓને સદર અરજીની નકલ મહા પ્રબંધક (નાણાં અને હિસાબ), ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા પાસે નિરિક્ષણ માટે મળી શકશે.

સદર અરજીની નકલો **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા** ની વડી કચેરીમાંથી મહા પ્રબંધક (નાણાં અને હિસાબ) પાસેથી જરૂરી રકમ ભરપાઈ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. <u>૨</u>૦૦/- (રૂા. બસ્સો પૂરા) પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/– (રૂા. પચાસ પૂરા) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફટથી **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ,** ના નામે મોકલવાના રહેશે.

ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ www.gsecl.in ઉપરથી પણ મેળવી શકાશે.

વતી, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ

મહા પ્રબંધક (નાણાં અને હિસાબ),
ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ
વિદ્યુત ભવન, રેસકોર્ષ,
વડોદરા.